ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૨૮.૫ ડીગ્રી
લઘુતમ : ૨૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૫ ટકા ● સાંજે ૯૭ ટકા



આજથી હિંડોળા મહોત્સવનો શુભારંભ થયો છે. સે.૨૩ સ્વામિનારાયણ મંદિરમાં પ્રથમ દિવસે વિશિષ્ઠ હિંડોળાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વામિનારાયણ ભગવાને અમદાવાદ કાલુપુર સ્વામિનારાયણ મંદિરમાં નરનારાયણ ભગવાનની સ્થાપના કરી તેને ૨૦૦ વર્ષ પુરા થાય છે તે પર્વ નિમિત્તે આજના હિંડોળામાં વિશિષ્ઠ કલાકૃતિ સાથે નરનારાયણ ભગવાનના સ્વરૂપને પધરાવી ભાવથી ઝુલાવવામાં આવ્યા હતા.

# બીએસએફ દ્વારા ગાંધીનગર સહિત રાજ્યભરમાં વૃક્ષારોપણ અભિયાન

## ગુજરાત ફ્રન્ટીયર યુનિટ એક વર્ષમાં ૨.૧૫લાખ વૃક્ષો વાવશે : રવિવારે રાજ્યભરમાં ૫૩,૯૦૦ વૃક્ષો વાવ્યાં

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરના સીમા સુરક્ષા દળના આલમપુર પાસેના ગુજરાત ફ્રન્ટીયર સંકુલ ખાતે અને આસપાસના ગ્રામીણ વિસ્તારમાં આજે 'સુરક્ષા પ્રહરી હવે પર્યાવરણ રક્ષક પણ' થીમ આધારિત વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં બીએસએફના ગુજરાત ફ્રન્ટીયરના આઈજી જી. એસ. મલિકે ઉપસ્થિત રહ્યાં હતા. અત્રે ઉલ્લેખનીય છે કે આજે બીએસએફના ગુજરાત ફ્રન્ટીયરના તમામ મુખ્ય કેન્દ્રો તેમજ સીમા ચોકીઓ ખાતે પણ એકસાથે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજી અંદાજે ૫૩,૯૦૦ જેટલાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું.

બીએસએફના ગુજરાત ફ્રન્ટિયરના સીમા સુરક્ષા કર્મીઓ દેશની વિવિધ સીમાઓનું રક્ષણ કરવામાં યોગદાન આપી રહ્યાં છે. આ સાથે દેશમાં પર્યાવરણ સંરક્ષણ માટે હરિયાળી વધારવાના હેતુથી કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ દ્વારા વિવિધ સુરક્ષા દળો સાથે મળીને વૃક્ષારોપણ અભિયાન સઘન બનાવવાની દરખાસ્ત કરવામાં




આવી છે જે અંતર્ગત તેમણે આજે મેઘાલયના ચેરાપુંજી ખાતે વૃક્ષારોપણ કર્યું હતું.

ગાંધીનગરમાં ગુજરાત ફ્રન્ટિયરના મુખ્યાલય ખાતે આયોજિત વૃક્ષારોપણ કાર્યક્રમમાં આઈજી જી.એસ. મલિકે જણાવ્યું હતું કે 'બીએસએફના ગુજરાત ફ્રન્ટીયરના એક વર્ષમાં ૨.૧૫ લાખ વૃક્ષો વાવીને ઉછેરવાનો લક્ષ્યાંક બનાવ્યો છે જે અંતર્ગત આજે ગાંધીનગર કેમ્પસ સહિત બીએસએફની તમામ મુખ્ય કેન્દ્રો અને સીમા ચોકીઓ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં ૫૩ હજારથી વધુ વૃક્ષો વાવવામાં આવ્યાં છે'.

# શહેર ભાજપના સહકારીતા અને ચિકિત્સા સેલની ટીમો જાહેર કરાઈ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર ભારતીય જનતા પાર્ટી દ્વારા મહાનગર સંગઠનને મજબૂત કરવા વિવિધ સેલના હોદેદારોની નિમણુંકો કરવામાં આવી રહી છે. તાજેતરમાં જ ભાજપના ગાંધીનગર મહાનગરના સાંસ્કૃતિ સલની જાહેરાત કરાયા બાદ હવે સહકારીતા સેલ અને ચિકિત્સા સેલની ટીમોની જાહેરાત કરવામાં આવી છે.

ભાજપના ગાંધીનગર મહાનગર સહકારીતા સેલમાં સંયોજક પદે કાળુભાઈ પટેલની આગેવાની હેઠળ જાહેર કરવામાં આવેલી ટીમમાં સહસંયોજક પદે મનુભાઈ બી. પટેલ તથા અન્ય સાત સભ્યોમાં રસિકભાઈ એમ. પટેલ, દિલીપસિંહ ચૌહાણ, નિરંજનસિંહ બિહોલા, ડૉ. હસમુખભાઈ પટેલ, પંકજભાઈ શુકલ, લક્ષ્મણભાઈ પટેલ તથા પ્રહલાદભાઈ એસ. પટેલનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સાથે જાહેર કરાયેલ ચિકિત્સા સેલની ટીમમાં ડૉ. હસમુખભાઈ પટેલની આગેવાનીમાં સહ સંયોજક પદે ડૉ. બંકિમ મોદી સહિત અન્ય સાત સભ્યોમાં ડૉ. દેવેન્દ્ર ગોસ્વામી, ડૉ. નરેન્દ્ર પટેલ, ડૉ. મનિષ પ્રજાપતિ, ડૉ. મયંક દેસાઈ, ડૉ. યજ્ઞેશ ત્રિવેદી તથા ડૉ. પારસ શાહની નિમણુંક કરવામાં આવી છે.

# બીબીએ કોલેજ ખાતે ગુરુપૂર્ણિમા નિમિત્તો ઉત્સાહભેર ઉજવણી




ગાંધીનગર, તા.૨૫

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (બીબીએ) કોલેજ દ્વારા ઓનલાઈન માધ્યમ થી કરેલ ઉજવણીમાં વિદ્યાર્થીઓ ઉત્સાહભેર જોડાયા. વર્ષપર્યંત વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે અનેકવિધ પ્રવૃતિઓ થાય છે. કોલેજના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ દ્વારા તમામ વિદ્યાર્થીઓને આજનો મહિમા સમજાવ્યો હતો. વિદ્યાર્થીઓ ને સમય પાલન તેમજ મન રૂપી ગુરુનું મહત્વ સમજાવ્યું હતું. તેમજ વિદ્યાર્થીઓને શુભકામના પાઠવી હતી. ત્યારબાદ ઉપાચાર્ય ડો.જયેશ તન્ના દ્વારા સમગ્ર આયોજન કર્યુ હતું અને વિદ્યાર્થીઓને કારકિર્દી માટે જાગૃત રહી ગુરૂજનો માંથી પ્રેરણા લેવા જણાવ્યુ હતું. સમગ્ર કાર્યકર્મ નું સંચાલન ધર્મેન્દ્ર રાઠોડ દ્વારા કરવા માં આવ્યું હતું. સમગ્ર કોલેજમાંથી કુલ ૨૦ વિદ્યાર્થીઓ આજના કાર્યક્રમમાં ભાગ લીધો હતો. જેમાં વિદ્યાર્થીઓને ગુરુપૂર્ણિમા ને અનુલક્ષીને ચાર વિષય માંથી કોઈ એક વિષય પસંદ કરી પોતાનું વક્તવ્ય આપવાનું હતું. વિદ્યાર્થીઓની તૈયારી ઉડીને આંખે વળગે તેવી હતી.




ચોમાસાના પ્રારંભે જ ઠેર ઠેર ગંદકી અને સ્વચ્છતા અભિયાનના ધજાગરા ઉડી રહેલાં દેખાય છે. રાંદેસણ ગામથી ધોળેશ્વર મહાદેવ જવાના રોડ પર ઉર્જાનગર બંગ્લોઝ વિભાગ-૨ પાસે મેટ્રોટ્રેનની કામગીરીના કારણે ખૂબ જ ગંદકી ફેલાયેલી જોવા મળે છે.

# સાયન્સ સિટી ખાતે આઈમેક્સ થ્રીડી થિયેટર શરૂ




ગાંધીનગર પાસેના અમદાવાદના સરદાર પટેલ રીંગરોડ પરની ગુજરાત સાયન્સ સિટી ખાતેનું અનોખા આકર્ષણ એવું આઈમેકસ થ્રીડી થિયેટર દર્શકો માટે શરૂ થઈ ગયું છે. થિયેટરમાં ટિ-રેક્સ, બોર્ન ટુ બી વાઈલ્ડ, મેગ્નીફિશન્ટ ડીશોલેશન, વોકિંગ ઓન ધ મૂન તથા આઈલેન્ડ એન્ડ લેમર્સ માડાગાસ્કર જેવી સાઈ ફાઈ દર્શકો નિહાળી શકશે. આઈમેક્સ ખાતે શો ટાઈમીંગ બપોરે ૧, ૨, ૪ અને ૫ વાગ્યાના રહેશે તેવું અખબારી યાદીમાં જણાવાયું છે.

# લવારપુર સીમમાંથી બાયોડિઝલનો ૮.૮૦ લાખનો જથ્થો ઝડપાયો

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર નજીક લવારપુર ગામની સીમમાંથી ૧૨,૮૦૦ બાયો ડિઝલનો જથ્થો ઝડપાયો છે. ગલાલ એન્ટરપ્રાઈઝ રેતીના સ્ટોકીસ્ટ દ્વારા પોતાના વાહનોમાં ભરવા માટે બાયો ડિઝલનો જથ્થો એકઠો કરાયો હતો. એલસીબી પોલીસે મીની ટેન્કર અને ૧૨,૮૦૦ બાયો ડિઝલનો જથ્થો કિં. રૂ.૮.૮૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી માલિક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેર અને તેની આપાસના વિસ્તારમાં બાયો ડિઝલનો વેપાર ધમધમી રહ્યો છે. ત્યારે બાયો ડીઝલના વેચાણ અને સંગ્રહખોરી કરતા




શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવાની ગાંધીનગર રેન્જ આઈજીપી અભય ચુડાસમા તેમજ જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા દ્વારા સુચના આપવામાં આવી હતી. જે અન્વયે એલસીબી પોલીસની ટીમના સભ્યો પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન લવારપુર ગામની સીમમાં ગલાલ એન્ટરપ્રાઈઝ રેતીના સ્ટોકીસ્ટ દ્વારા ગેરકાયદેસર રીતે બાયો ડિઝલનો જથ્થો સંગ્રહ કરવામાં આવ્યો હોવાની બાતમી મળી હતી. એલસીબી પોલીસે બાતમીવાળી જગ્યાએ રેઈડ પાડતા પોલીસ દ્વારા વાહનો ભરેલો બાયો ડિઝલનો જથ્થો તેમજ સિમેન્ટની બનાવેલી ઓરડીમાંથી બે પ્લાસ્ટીકની ટાંકી, ૯ પ્લાસ્ટીકના બેરલ, એક મીની ટેન્કર બાયો ડિઝલ કાઢવા માટેની નોઝલ મળી આવી હતી. જયારે પ્રાથમિક તપાસમાં ગલાલ એન્ટરપ્રાઈઝના પરેશ મોતીભાઈ પટેલ (રહે ગીયોડ) પાસેથી મીની ટેન્કર પણ જપ્ત કરાયું છે. તે ઉપરાંત બાયો ડિઝલના જથ્થા સીઝ કરી કુલ રૂ.૮.૮૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી આગળની વધારાની તપાસ હાથ ધરી છે.

# જે પ્રકૃતિને માને તેનામાં પ્રમાણિકતા આપોઆપ જ આવે....!!

## ગાંધીનગરના પ્રકૃતિ પ્રેમી 'ચા વાળા'એ જતનથી ઉછેરેલું વૃક્ષ સમય જતા તેની આજીવિકાનું સ્થળ બન્યું : કોરોનાના કપરાં કાળના લોકડાઉન બાદ રસ્તામાંથી મળેલાં રોકડાં નાણાં તેણે મૂળ માલિકને પરત કરી પ્રમાણિકતા દેખાડી હતી

ગાંધીનગર, તા.૨૫

સમગ્ર વિશ્વમાં પર્યાવરણનું જતન એ સૌથી ગંભીર મુદ્દો બની રહ્યું છે. આ વર્ષે વિશ્વ પર્યાવરણ દિવસની થીમ 'રી-ઈમેઝીન, રીક્રિએટ, રીસ્ટોર' રાખવામાં આવી છે. જે અંતર્ગત સમગ્ર વર્ષ દરમિયાન વૃક્ષારોપણ સહિત પર્યાવરણના જતન માટે જરૂરી જણાય તેવા તમામ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. ગાંધીનગર આમ તો લીલાછમ વૃક્ષોથી આચ્છાદિત હરિયાળા શહેર તરીકે જાણીતું છે પરંતુ છેલ્લાં કેટલાંક વર્ષોમાં ખાસ કરીને મહાનગર પાલિકાના ગઠન પછી અહીં જુદા જુદા વિકાસ કાર્યોના ઓથા હેઠળ અગણિત વૃક્ષોનું નિકંદન નીકળી ચુકયું છે અને હજુ પણ ચાલુ જ છે, જે શહેરના પ્રકૃતિ પ્રેમીઓને ખૂંચી રહ્યું છે. પર્યાવરણનું જતન માત્ર સરકાર કે મોટી સંસ્થાઓ જ કરી શકે તેવું નથી પરંતુ એક સામાન્ય માનવી પણ પોતાના નાના-મોટા પ્રયાસો થકી પ્રકૃતિના સંરક્ષણમાં ફાળો આપી શકે છે અને જે આ પ્રયાસ કરે છે પ્રકૃતિ તેનું વળતર આપ્યા વિના રહેતી નથી. આ બાબતનું ઉદાહરણ ગાંધીનગરનો એક સામાન્ય 'ચા વાળો' છે જેણે પોતાના પ્રકૃતિ પ્રેમ ખાતર કરેલું વૃક્ષારોપણ આજે તેની આજીવિકાનું સાધન બન્યું છે.

ગાંધીનગરથી 'ચા વાળા' તરીકે જાણીતા બનેલા




નરેન્દ્ર મોદી આજે વડાપ્રધાનપદે દેશનું સુકાન સંભાળી રહ્યા છે અને આ શહેરમાં બીજા એક 'ચા વાળા' સતીષભાઈ છે જેઓ પોતાના પ્રકૃતિ પ્રેમ અને પ્રમાણિકતાભર્યા સરળ વ્યકિતત્વથી અનેક નાગરિકો માટે પ્રેરક ઉદાહરણ પુરું પાડી રહ્યા છે. ગાંધીનગરના પેથાપુર ખાતે રહેતા સતીષભાઈ ઓડ કિશોરાવસ્થાથી ચાની કિટલી ચલાવવાના વ્યવસાય સાથે જોડાયેલા છે. જેઓ શહેરના સેકટર-૧૬માં કોમર્શિયલ વિસ્તારમાં બેંક ઓફ ઈન્ડિયના પાછળના ભાગે 'બાપા સીતારામ ટી-સ્ટોલ' ચલાવી પોતાના પરિવારનું ગુજરાન કરે છે. સતીષભાઈ ઓડનો ટી સ્ટોલ એક વિશાળ વડલાની છાંયમાં આવેલો છે. જયાં ગ્રાહક આવતાં સાથે જ 'હાશ' સાથે મનમાં ટાઢક અનુભવાય છે. ઘટાદાર ખીલેલા વડલાં પર અનેક પંખીઓ આશરો લઈ રહ્યા છે અને તેના થડની ફરતે બનાવાયેલા ઓટલાં પર બેસીને ગ્રાહકો સતીષભાઈની ચાની ચુસ્કીનો આનંદ માણે છે. પંખીઓનો કલરવ અને ગ્રાહકોના ચહેરાં પરનો સંતોષ સતીષભાઈની 'કમાણી' છે કેમ કે આ વડલાને તેમણે ખૂબ જ જતનથી જાતે ઉછેર્યો છે.

આશરે પંદરેક વર્ષ પહેલાં સતીષભાઈની ચાની કિટલી એક ખુલ્લી લારીમાં અત્યારે છે તે સ્થળ કરતાં થોડે દૂર એક પીપળાના ઝાડ નીચે ચલાવતા હતા. આ સમયે પણ તેઓ સમય મળે કયાંક છોડ વાવવો અથવા કોઈએ વાવેલા છોડને જળસિંચન કરવું તેવી પ્રવૃત્તિ કરતા રહેતા હતા. આ દરમિયાન બેંકની નજીકના એક વેપારી કોઈક જગ્યાએ કપાયેલા વડનું એક મોટું ડાળું લઈને આવ્યા હતા જેની બેંકની પાછળની ખુલ્લી




જગ્યામાં તેમણે રોપી દીધું હતું જો કે તે રોપતાંની સાથે જ સતીષભાઈએ તેના જતનની જવાબદારી ઉપાડી લીધી હતી અને તેને પશુઓથી બચાવવા તેની ફરતે વાડ કરી નિયમિત પાણી આપી ઉછેરવા લાગ્યા હતા. સમય જતા આ ડાળું વિકસીને વટવૃક્ષ બની ગયું જયારે બીજી તરફ પેલો પીપળો સુકાઈને પડી જતા આ વડ સતીષભાઈની ચાની કિટલીનું નવું સરનામું બની ગયો. આ વડની આસપાસ વેપારીઓએ ઓટલો ચણી આપ્યો અને નજીકમાં ચબુતરો બનાવ્યો તો સતીષભાઈએ તેમાં ચણ નાંખવાની અને માટીના કુંડાની પક્ષી પરબો લગાડી તેમાં નિયમિત જળસિંચનની જવાબદારી ઉપાડી લીધી છે.

સતીષભાઈ માત્ર તેમના પ્રકૃતિ પ્રેમ માટે જાણીતા નથી પરંતુ તેમની પ્રમાણિકતા માટે પણ જાણીતા છે. કોરોના મહામારીની પહેલી લહર દરમિયાન લાદવામાં આવેલા લાંબા લોકડાઉન બાદ જયારે ગત જુલાઈ માસમાં છુટછાટ મળી ત્યારે આર્થિક તંગી અનુભવતા હોવા છતાં તેમણે પોતાની આ પ્રમાણિકતા થોડી નહોતી. આ સમયે એક દિવસ તેઓ જયારે બેંકમાં ચાની ડિલીવરી આપવા જઈ રહ્યા હતા ત્યારે તેમને રસ્તામાંથી રૂ. ૬૫૦૦ રોકડાં મળ્યા હતા. આ નાણાં જેના હશે તે આ કપરાં સમયમાં કેવી મુશ્કેલીમાં મુકાશે તેવો વિચાર કરીને આ નાણાં તેમણે પરત કરવા અલગ મુકી રાખ્યા અને થોડીકવારમાં જ ચિલોડા તરફનો એક ખેડૂત હાંફળો ફાંફળો થઈને પોતાના ખોવાયેલા નાણાં શોધતો બાપા સીતારામ ટી સ્ટોલ પર આવી પહોંચ્યો હતો. સતીષભાઈએ ચોકસાઈ માટે વિગતો પુછી જેથી કોઈ લે ભાગું ખોટી રીતે નાણાં પડાવી ના જાય અને ખાત્રી થઈ જતાં તેના નાણાં પરત કર્યા હતા. પોતાના ખોવાયેલા નાણાં પરત મળતાં ખેડૂતના ચહેરાં પર ચમક આવી ગઈ હતી કેમ કે પોતાના પાકને વરસાદથી બચાવવા પોલિથિલીનની તાડપત્રી ખરીદવા બેંકમાંથી ઉપાડયા હતા જે રસ્તામાં પડી ગયા હતા પરંતુ સદભાગ્યે સતીષભાઈને મળ્યાં હતા. સતીષભાઈને આ અંગે વાત કરીએ તો કહે છે કે 'કુદરતને માનતા હોય તો પ્રમાણિકતા આપોઆપ જ આવે.'

-પ્રતિભાવો આવકાર્ય : samirtalod@gmail.com

# જન્મદિને વધામણી



જસ્મીન હર્ષદભાઈ જોષી
મો. ૯૮૨૫૩ ૨૨૯૦૨



અક્ષય વાસુદેવભાઈ પટેલ
મો. ૮૪૦૧૪ ૪૦૩૭૫



શુભમ એ દવે



પારુલબેન એન ત્રિવેદી
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ




આર્યા નમન ભટ્ટ
મો. ૯૪૨૮૪ ૧૧૩૬૫



દિવ્યાંગ ઓચ્છવલાલ શાહ



અદિતિ જયેશકુમાર શાહ



ધૈર્ય ભાવિક ગુરૂબક્ષાણી
મો. ૮૫૧૧૦ ૪૭૮૪૬

# ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. વિશ્વકુમાર અમિતકુમાર રાવળ , ઉ.વ. ૧૫, સે-૨૮, આદીવાડા
- સ્વ. દેવદાદાશ જીતેશદાશ, ઉ.વ. ૫૧, સે-૮

● રૂદ્રભૂમિ ●

- સ્વ. પટેલ ભગવતીબેન અરવિંદકુમાર, ઉ.વ. ૫૭, રાયસણ